જ્ઞાનોદય પ્રકાશન દ્વારા પ્રકાશિત

ભગવાન શ્રી રજનીશ પરિચય પુસ્તિકા શ્રેણી

પ્રગટ થયેલ પુસ્તિકાઓ

મહાવીરવાણી

ભા. ૧–દિવ્ય લોકની ગાથા
ભા. ૨–ભાવ જગતનાં રહસ્ય
ભા. ૩–શરણ સ્વીકારું છું હું તમારું
ભા. ૪–ધર્મ સર્વશ્રેષ્ઠ મંગલ છે
ભા. ૫–અહિંસા છે ધર્મનો પ્રાણ
ભા. ૬–સંયમ છે સેતુ વિરાટ મિલનનો

(દરેક પુસ્તિકાની કિંમત રૂા. એક મહાવીરવાણીનું આખું પુસ્તક છપાઈ જતાં **રૂા. અઢારમાં** મળશે.)

મૈં કહતા આંખન દેખી

ભા. ૧–સ્વાનુભવની કસોટીએ
ભા. ૨–પાછલા જન્મનું રહસ્યોદ્ઘાટન
ભા. ૩–એક તરલ ધર્મની નવ અવધારણા
ભા. ૪–હું જલદીમાં છું.
(આખા સેટની કિંમત **રૂા. પાંચ**)

જીવનના મંદિરમાં દ્વાર છે મૃત્યુનું
(હું મૃત્યુ શિખવાડું છું. ભા.૧)
કિંમત **૧ રૂપિયો**

ધ્યાન : એક વૈજ્ઞાનિક દૃષ્ટિ
કિંમત **૨ રૂપિયા**

પ્રકાશક : સ્વામી ગોવિંદ ચૈતન્ય, જ્ઞાનોદય પ્રકાશન વતી
૧૨૯, ડૉ. એસ.એસ. રાવ રોડ, મેઘવાડી,
લાલબાગ, **મુંબઈ–૧૨**

મુદ્રક : અક્ષર પ્રિન્ટર્સ, સોરાબજી કંપાઉન્ડ, વાડજ, **અમદાવાદ–૧૩**
આવૃત્તિ પહેલી * માર્ચ ૧૯૭૩ * કિંમત ૨ રૂપિયા
કવર ડિઝાઈન–સાધુ આલોક આનંદ, શ્રી વિનય ત્રિવેદી

લવાજમ રૂા.વીસમાં કુલ રૂા. ચોવીસની પુસ્તિકાઓ મળશે.

ભૂમિકા

આ પુસ્તિકા દ્વારા રજનીશજીના ભગવાન મહાવીરના જીવન, કાર્ય અને દર્શન ઉપર અપાયેલાં અનુપમ અને અદ્ભુત પ્રવચનોના સંકલન 'મહાવીર : મેરી દૃષ્ટિમેં' નામના ગ્રંથને ગુજરાતીમાં ક્રમશ: આપવાની શરૂઆત કરતાં અનેરો આનંદ થાય છે. આખુંયે પુસ્તક આ પ્રકારની પુસ્તિકાના રૂપમાં બારસો-તેરસો પાનાનું થશે, જેને બાર-તેર ભાગમાં આવરી લેવામાં આવશે.

આ ગ્રંથને વધુ ઉપયોગી બનાવવાની દૃષ્ટિએ પ્રવચન અને પ્રશ્નોત્તરી દ્વારા થયેલી ચર્ચાઓના વિષયનું વિભાગીકરણ કરી તેમાંના મુદ્દાઓને ઉપશીર્ષકના રૂપમાં રજૂ કર્યા છે. સાથે સાથે વાચકની સગવડ માટે દરેક પ્રવચન કે પ્રશ્નોત્તરીની શરૂઆતમાં પણ આપ્યા છે. આ મુદ્દાઓ — ઉપશીર્ષકો પ્રવચનના સાર-રૂપ હોવાથી વાચકના સંદર્ભ માટે ઉપયોગી થશે.

આ પુસ્તિકા 'મહાવીર : અંતર્દૃષ્ટા પ્રેમીની નજરે' — માં તા. ૨૭-૮-'૬૮ના દિવસે રાત્રે અપાયેલ પ્રથમ પ્રવચન અને ૨૮-૮-'૬૮ના દિવસે સવારે થયેલી પ્રશ્નોત્તરીની ચર્ચાઓને આવરી લીધી છે.

રજનીશે કહ્યું છે તેમ જૈન અને જૈનેતર દરેક વાચક-મિત્રને પોતાના જીવનનું રૂપાંતર કરવા માટે અને અંતર-જીવનની શોધ માટે જેવા આ પુસ્તિકા તેમ જ પછીની બધી પુસ્તિકાઓ પ્રેરણાદાયી નીવડશે એ આશાથી આ પુસ્તિકા પ્રસ્તુત છે.

ગોવિંદ ચૈતન્યના
પ્રણામ.

મહાવીર : અંતર્દ્રષ્ટા પ્રેમીની નજરે.

પ્રવચનના મુખ્ય મુદ્દાઓ

૧. મહાવીરને સમજવા માટે પ્રેમીની દ્રષ્ટિની આવશ્યકતા.
૨. મહાવીરને નગ્નતા વિષય બનાવવાનું કારણ · આત્મજ્ઞાન દિશામાં લઈ જવા માટેનું.
૩. અલગ-અલગ પ્રકારના લોકો માટે અલગ અલગ નિમિત્તો..
૪. ભિન્નતા — રૂપની, આકારની: એકતા — આત્મજ્યોતિની, શૈ
૫. મહાવીરની વિશિષ્ટતા, આકારમાંથી નિરાકારમાં જવાના કાર
૬. અસાધારણ લોકોમાં કોઈ ઊંચું-નીચું નથી હોતું.
૭. મહાવીર જેવી અસાધારણ વ્યક્તિને સમજવા માટેની દ્
૮. મહાવીરને સમજવા માટે શાસ્ત્રનો માર્ગ વ્યર્થ છે.
૯. સત્યની અનુભૂતિની અભિવ્યક્તિમાં રહેલી મુશ્કેલીઓ.
૧૦. મહાવીરને સમજનાર મૌનમાં ગયા — નહિ સમજનાર ગ
૧૧. સત્ય શબ્દોમાં ઊતરતાં જ અસત્ય થઈ જાય છે.
૧૨. અભિવ્યક્તિ માટે બોલવાનું માધ્યમ વધુ જીવંત.
૧૩. અસ્તિત્વની અદ્ભુત વ્યવસ્થા — સત્યની અનુ માટેની.
૧૪. વિશિષ્ટ વ્યક્તિઓની અનુભૂતિ સાથે થતો સંબં
૧૫. ધ્યાની વ્યક્તિઓ દ્વારા અપાયેલી ખબર — દૂ
૧૬. રજનીશનું આવાહ્ન — પ્રયોગો દ્વારા અસ્તિ ભૂતિઓ સાથે સંબંધ કરાવવા માટેનું.
૧૭. ગુર્જિયેફની શોધ — જિસસની શૂળીની ઘટનાનો

(૧) મહાવીરને સમજવા માટે પ્રેમીની દૃષ્ટિની આવશ્યકતા

હું મહાવીરનો અનુયાયી નથી, પ્રેમી છું. જે રીતે ક્રાઇસ્ટનો, કૃષ્ણનો, બુદ્ધનો, લાઓત્સેનો. અને મારી દૃષ્ટિએ અનુયાયી કોઈ દિવસ સમજી શકતો નથી.

દુનિયામાં બે જ પ્રકારના લોકો છે. સાધારણ રીતે અનુયાયી હોય છે અથવા વિરોધી હોય છે. નથી અનુયાયી સમજી શકતો કે નથી વિરોધી સમજી શકતો.

એક બીજો રસ્તો પણ છે, પ્રેમનો. એના સિવાય બીજા કોઈ માર્ગે કોઈ કોઈને સમજી શકતું નથી. અનુયાયીની એક મુશ્કેલી છે કે એ કોઈ એકની સાથે બંધાઈ જાય છે. તેવી જ રીતે વિરોધીની પણ મુશ્કેલી છે કે તે વિરોધમાં બંધાઈ જાય છે. ફક્ત પ્રેમી જ એક માત્ર મુક્ત છે. પ્રેમીને બંધનનું કારણ નથી. જે પ્રેમ બંધન બનતો હોય તે પ્રેમ જ નથી. તેથી મહાવીર સાથે પ્રેમ હોય તેનાથી મહાવીર જોડે બંધાવાતું નથી. મહાવીર સાથે પ્રેમ કરતાં પણ બુદ્ધ, કૃષ્ણ અને ક્રાઇસ્ટ સાથે પ્રેમ કરી શકાય છે. કારણ કે જે વસ્તુને કારણે મહાવીર પ્રત્યે પ્રેમ હોય છે તે જ વસ્તુ હજારો લોકોમાં એ જ રીતે પ્રગટ થઈ છે.

મહાવીરને આપણે થોડા જ ચાહીએ છીએ ? એ જે વર્ધમાનનું શરીર છે જે જન્મતિથિમાં જકડાયેલું છે તે તો એક ઇતિહાસરેખા છે. એક દિવસ પેદા થવું અને એક દિવસ મરવું—તેને તો આપણે પ્રેમ

[illegible]

[illegible]

[illegible]

[illegible] નથી, [illegible]

[illegible]

છે, તેઓને [illegible] જ જ્યોતિના [illegible] નથી. જેમને

[illegible] તેમને [illegible] ? [illegible]

દેખાય [illegible] ? જેમને જ્યોતિ દેખાય તેઓ દીવાને ભૂલી

એટલે જ જેઓ દીવાને પકડી રાખે છે, તેમને જ્યોતિ નથી

અને જેઓ જ્યોતિને પ્રેમ કરે છે, તેઓ આ જ્યોતિ અ જ્યોતિનો શાના જ પ્રેમ કરશે ? તેઓ તો જે જ્યોતિમાં છે તે પ્રેમ કરશે. જ્યારે એક જ્યોતિમાં બંધાશે ત્યારે એને ક્યાંય જ્યોતિ હશે, ત્યાં દેખાશે — સૂરજમાં, ઘરમાં સળગતા નાના દ ચંદ્ર-તારામાં, અગ્નિમાં, જ્યાં જ્યાં જ્યોતિ હશે ત્યાં ત્યાં દે પરંતુ અનુગામીઓ વ્યક્તિઓ જોડે બંધાયા છે. વિરોધીઓ પણ એ સાથે જ બંધાયા છે. ફક્ત પ્રેમીને વ્યક્તિ સાથે બંધાવાની નથી. તો હું પ્રેમી છું. અને એટલા માટે મારે મહાવીર સાથે બંધન નથી. અને બંધન ન હોય ત્યારે જ સમજ હોઈ understanding હોઈ શકે છે.

(૨) મહાવીરને ચર્ચાનો વિષય બનાવવાનું કાર આત્મસ્મરણની દિશામાં લઈ જવા માટેનું.

મહાવીરને જ ચર્ચાનો વિષય કેમ બનાવ્યા તે પણ જો મહાવીર એક નિમિત્ત છે. જેમ ખૂંટી હોય છે અને કપડાં ટાંગ એનું પ્રયોજન હોય છે તેમ. કોઈ પણ ખીંટી ચાલી શકે. મહાવી કામ લાગે એ જ્યોતિના સ્મરણમાં, બુદ્ધ, કૃષ્ણ, ક્રાઇસ્ટ, કોઈ કામમાં આવે. કોઈ પણ ખીંટીનો ઉપયોગ થઈ શકે. સ્મરણ એ જ્યો

જ કે જે આપણા દીવામાં પણ પ્રકાશે છે અને સ્મરણ માટે પ્રેમ જોઈએ. અનુકરણ નહિ. જ્યારે એ સ્મરણ આપણે મહાવીરનું કરીએ છીએ ત્યારે પણ એ મહાવીરનું સ્મરણ નથી.

સ્મરણ કરીએ છીએ એ તત્ત્વનું કે જે મહાવીરમાં પ્રગટ થયું છે. એ તત્ત્વનું સ્મરણ થઈ જાય તો તત્કાળ એ આત્મસ્મરણ બની જાય છે. અને જે આત્મસ્મરણ પ્રતિ લઈ જાય તે જ સાર્થક છે પરંતુ મહાવીરની પૂજા કરવાથી એ થતું નથી. પણ નવાઈ જેવું તો એ છે કે પૂજા આત્મવિસ્મરણનો ઇલાજ છે. જેઓ પોતાને ભૂલવા માગે છે, તેઓ પૂજા કરવા લાગી જાય છે. એવા લોકો માટે પણ મહાવીર ખીંટીનું કામ કરે છે.

બુદ્ધ, કૃષ્ણ બધા ખીંટીનું જ કામ આપે છે. જેઓ પોતાને ભૂલવા ઇચ્છે છે, તેઓ પોતાને ભૂલવાનાં વસ્ત્રો ખીંટી પર ટાંગી દે છે. અનુયાયી, ભક્ત, આંધળું અનુકરણ કરનારાઓ, બધા જ મહાવીર, કૃષ્ણ અને બુદ્ધની ખીંટીઓનો ઉપયોગ કરે છે અને પોતાની જાતનું વિસ્મરણ કરે છે. પૂજા, પ્રાર્થના, અર્ચના બધું વિસ્મરણ છે સ્મરણ એ તદ્દન જુદી જ વાત છે. સ્મરણનો અર્થ એ છે કે મહાવીરમાંના એ સાર-તત્ત્વને શોધી લઈએ આપણા બીજા કોઈમાંયે ક્યાંયથી પણ જો એ તત્ત્વનું દર્શન આપણે કરી શકીએ, એની એક ઝલક પણ જો આપણને મળી જાય, એનું એક સ્મરણ જો થઈ જાય, અને લાગે કે આ કોઈ પણ વ્યક્તિમાં પ્રગટ થવા સંભવ છે, તો તત્કાળ આપણને એ વાત સ્પષ્ટ થાય છે કે આવી જ્યોતિ આપણામાં પણ શા માટે ન પ્રગટે?

પછી આપણે તે વ્યક્તિની પૂજા કરવાને બદલે એક ઊંડું દુઃખ અનુભવ કરીએ છીએ. જેમ એક પ્રગટેલા દીપકને જોઈને બુઝાયેલો દીપક દુઃખી થાય અને એને લાગે કે હું નકામો છું, હું નામ-માત્રનો દીપક છું, કારણ કે મારામાં પ્રકાશ ક્યાં છે? હું માત્ર એક

[illegible] છું કે જ્યાં [illegible] પરંતુ [illegible]
નથી. પરંતુ બુઝાયેલા દીવાઓની વચ્ચે બીજા અંધ બુઝાયેલા [illegible]
જાય તો એને ખ્યાલ પણ ન આવે. [illegible] બુઝાયેલા દીવાની તરફ
પણ જેનો ખ્યાલ નથી આવતો, તે અંધ પ્રગટેલા દીવાની પાસે [illegible]
આવી જાય છે.

(3) અલગ અલગ પ્રકારના લોકો માટે અલગ અલગ નિમિત્તો.

મહાવીર, બુદ્ધ અથવા કૃષ્ણનું પ્રગટેલા દીપકોના સિવાય મા[illegible] માટે કાંઈ વધારે પ્રયોજન નથી. એક જ વાર જો એ સળગતા દીવાનો એની જ્યોતના પ્રકાશનો ખ્યાલ આપણી આંખોને સ્પર્શી જાય, તો આપણામાં તરત જ પરિવર્તન થાય છે અને આપણા માટે નવી સંભાવનાઓનાં દ્વાર ખુલ્લાં થઈ જાય છે. જે આપણે જાણતા પણ નહોતા કે આપણે થઈ શકીએ છીએ, તેની પ્યાસ જાગે છે. એ પ્યાસ, એ તાલાવેલી એક વાર શરૂ થાય તો પછી એ ગમે તે નિમિત્તે જાગે તેની સાથે સંબંધ નથી. હું મહાવીરને, ક્રાઇસ્ટને, કૃષ્ણને, બુદ્ધને, કોઈને પણ નિમિત્ત બનાવીશ. જગતમાં અનેક પ્રકારના લોકો હોય છે. કોઈને લાઓત્ઝેમાં એ જ્યોતિનાં દર્શન થાય અને બુદ્ધમાં ન થાય; કોઈને મહાવીરમાં જ્યોતિ દેખાય અને બુદ્ધમાં ન પણ દેખાય.

એક વખત પોતાની જ જ્યોતિનાં દર્શન થઈ જાય, પછી તો લાઓત્ઝે અને બુદ્ધનો સવાલ જ નથી. પરંતુ સડક પર ચાલતા સાધારણ માણસમાં પણ જ્યોતિનાં દર્શન થવા લાગે છે. પછી તો એવો કોઈ માણસ જ નહિ દેખાય કે જેનામાં એ જ્યોતિ ન હોય. પછી તો માણસમાં જ નહિ, પરંતુ પશુપક્ષી અને પથ્થરમાં પણ એ જ જ્યોતિ દેખાવા લાગે છે. એક વખત પોતાનામાં દેખાય પછી બધે જ એનાં દર્શન થાય છે. પરંતુ જ્યાં સુધી સ્વયંની જ્યોતિ દેખાઈ નથી, ત્યાં સુધી મહાવીરમાં પણ દેખાય એ નક્કી નથી. એનાં કારણો છે.

દરેક વ્યક્તિની જોવાની રીતમાં ફરક હોય છે. દરેક વ્યક્તિની ગ્રાહકતામાં પણ ફરક હોય છે. સાથે સાથે દરેક વ્યક્તિમાં કુદરતી રુચિ-ભેદ પણ હોય છે. એક સુંદર સ્ત્રી હોય તે બધાને જ સુંદર લાગે એ જરૂરી નથી.

મજનૂને એના ગામના રાજાએ એક વાર કેદ કર્યો હતો. મજનૂને જે દુઃખ થયું, આખી રાત ઝાડ નીચે બેસીને એ જે રડયો, એની આંખોમાંથી આંસુની જે ધારાઓ ચાલી વગેરે બધી વાતો રાજાને કાને પહોંચી. એટલે રાજાને દયા આવી અને એને બોલાવ્યો અને કહ્યું, તું ગાંડો છે. લયલાને મેં પણ જોઈ છે. એનામાં એવું શું છે? એક સાધારણ સ્ત્રી છે. હું તારે માટે એથી પણ વધુ સુંદર છોકરીઓનો બંદોબસ્ત કરી આપીશ. જો, છોકરીઓ આવી ગઈ છે. રાજાએ બોલાવી હતી એટલે નગરની સુંદરમાં સુંદર છોકરીઓ હાજર થઈ હતી. પરંતુ મજનૂએ તેઓની સામે જોયું પણ નહિ અને એ ખૂબ હસવા લાગ્યો. એણે રાજાને કહ્યું કે તમે સમજ્યા નથી. લયલાને જોવા માટે મજનૂની આંખ જોઈએ. એ આંખ આપની પાસે નથી. એટલે આપને લયલા સાધારણ છોકરી જેવી દેખાય એ સંભવિત છે. લયલાને જોવાને માટે હું જ સમર્થ છું. હું મજનૂ છું. મજનૂની આંખ લયલાને પેદા કરે છે, એનો આવિષ્કાર કરે છે, ઉદ્‌ઘાટન કરે છે. એટલે લયલાનો જન્મ થવા મજનૂની જરૂર પડે છે.

દરેક વ્યક્તિમાં પાયાનો ભેદ છે. એટલા માટે જ દુનિયામાં આટલા બધા તીર્થંકરો, અવતારો અને આટલા ગુરુઓ છે. આ જ કારણથી એ પણ સંભવ છે કે મહાવીર અને બુદ્ધ જેવી વ્યક્તિઓ એક જ ગામમાં અને એક જ પ્રાંતમાં વર્ષો સુધી ફરી હોય છતાં ગામમાં કોઈને બુદ્ધ દેખાયા હોય. તો કોઈને મહાવીર દેખાયા હોય અને કેટલાકને એ બન્નેમાંથી એકેય ન દેખાયા હોય.

જ્યારે હું કાંઈ જોઉં છું, ત્યારે જે દેખાય છે તે મહત્ત્વનું

નથી. પણ મારી પાસે જોવા માટે વિશેષ દૃષ્ટિ છે. અને એ દૃષ્ટિ દરેકની અલગ હોય છે. કોઈકને મહાવીરમાં એ જ્યોતિ દેખાતી હોય, ત્યારે એ બિચારાની લાચારી હોય છે, કારણ કે એ કહે કે બુદ્ધમાં કાંઈ નથી અને જિસસમાં શું છે? મહંમદમાં શું છે? પરંતુ એ એની અણસમજ છે. એ જરા ઉતાવળે નિર્ણય લઈ રહ્યો છે. એ સહાનુભૂતિવાળો દેખાતો નથી. એ સમજતો નથી. જો એને કોઈ કહે કે મહાવીરમાં કાંઈ નથી, તો એ ગુસ્સે થઈ જશે. ને વખતે પણ એ એની અણસમજ જ પ્રગટ કરે છે. જ્યારે હું એમ કહું કે જિસસમાં કાંઈ નથી, ત્યારે બીજો કોઈ એમ પણ કહી શકે કે મહાવીરમાં કાંઈ નથી. મહાવીરમાં જે છે તે જોવા માટે ખાસ દૃષ્ટિ જોઈએ. હા, પૃથ્વી ઉપર તરેહ તરેહના લોકો છે, કેટલીયે જાતના લોકો છે, એમના પ્રકાર ગણાવવા પણ મુશ્કેલ છે, એટલા બધા પ્રકારના લોકો છે. પરંતુ એક વખત સામ્ય દેખાઈ જાય પછી બધી ભિન્નતાઓ દૂર થઈ જાય છે.

(૪) ભિન્નતા ... તા આત્મજ્યોતિની,

... જ્યોતિમાં ભિન્નતા
... છે, બહુ બહુ
... તેમને બનાવ્યા
... તેથી એવું બની
બીજી જાતના દીવાને
...તો નથી. પરંતુ
... ગમે તે રૂપ
... શકે કે આ
... આકારના

... નાના છે.

એક સત્ય છે — જીવતું જાગતું, સતત ગતિમાન. દીવો એક સ્થળે સ્થિર છે અને જ્યોતિ ગતિમાં છે. દીવાને કોઈ પણ સ્થિતિમાં રાખો — વાંકોચૂકો, આડો-ઊભો, ઊંચો-નીચો, નાનો-મોટો કોઈ પણ સ્થિતિ હોય તો પણ જ્યોતિ તો બસ ઊંચે ને ઊંચે ઉપરની તરફ નાચતી જતી હોય છે. જ્યોતિ ગમે તેવી હોય પણ ઉપરની તરફ દોડતી હોય છે. નિરાકારનો અનુભવ થાય છે જ્યોતિમાં અને એના ઊર્ધ્વગમનમાં. કેટલી ઝડપથી જ્યોતિનો આકાર અદૃશ્ય થાય છે! સમય પણ નથી લાગતો, જોતજોતામાં આકાર અદૃશ્ય થાય છે. બરાબર ઓળખી પણ શકતા નથી એટલામાં તો તે ચાલી જાય છે, નાની આકૃતિ થતી જાય છે અને છેવટે નિરાકારમય થઈ જાય છે. પછી શોધવા જાઓ તો મળશે નહિ. પરંતુ એવું કદી હોઈ શકે નહિ કે જે હોય તે 'નથી' થઈ જાય.

જ્યોતિ આકારનિરાકારનું મિલન છે. પ્રત્યેક પળે આકાર નિરાકારમાં જઈ રહ્યો છે. આપણે જ્યાં સુધી આકારને જોઈ રહ્યા છીએ, ત્યાં સુધી જ્યોતિને ઓળખતા નથી. કેમ કે જે આકારની પણ પાર નિરાકારમાં એક થઈ જાય છે તે જ જ્યોતિ છે. એટલા માટે એવું બને છે કે દીવાને જ જાણનારા જ્યોતિઓના સંબંધમાં ઝઘડા કરે છે. દીવાને પકડી બેસનારા જ્યોતિઓને નામે પંથ અને સંપ્રદાયો ઊભા કરે છે. જ્યોતિનો દીવા સાથે શો સંબંધ છે? દીવો માત્ર એક શક્યતા છે કે જ્યાં જ્યોતિ પ્રગટ થઈ. જ્યોતિનો જે આકાર આપણે જોયો તે પણ એક અવસર હતો કે જ્યાંથી જ્યોતિ નિરાકારમાં ભળી ગઈ.

વર્ધમાન તો દીવો છે, પણ મહાવીર જ્યોતિ. સિદ્ધાર્થ દીવો છે, પણ બુદ્ધ જ્યોતિ. જિસસ દીવો છે, પણ ક્રાઇસ્ટ જ્યોતિ. પરંતુ આપણે તો દીવાને પકડીને બેસીએ છીએ અને મહાવીરના સંબંધમાં વિચારતાં વિચારતાં વર્ધમાન સંબંધી વિચારવા માંડીએ છીએ. આનાથી ભૂલ થઈ

[illegible]

પરંતુ જ્યોતિની આરાધના કોઈ [illegible]

[illegible]

જ જોતા નથી. એની આપણે ચિંતા કરતી પણ ન [illegible] આપણે શી છીએ જ. જ્યોતિ આપણી [illegible] આપણે નથી. જ્યોતિની ચિંતા કરવી જોઈએ. [illegible] નિમિત્ત બનાવીને જ્યોતિ [illegible] વિચાર કરીએ.

(૫) મહાવીરની વિશિષ્ટતા, આકારમાંથી નિરાકારમાં જવાને કારણે.

જેમને મહાવીર મારફતે જ્યોતિના [illegible] તો તે સારું છે. પણ જેમને ત્યાંથી પ્રકાશ નથી મળતો, તેમણે કોઈ બીજાને નિમિત્ત બનાવવું જોઈએ. બધાં નિમિત્ત ઉપયોગમાં લઈ શકાય. જ્યારે હું કહું છું કે મહાવીર વિશિષ્ટ છે, ત્યારે કોઈ બીજા સાથે એમની તુલના નથી કરતો. સામાન્ય રીતે આપણે એવું વિચારીએ છીએ કે કોઈ વ્યક્તિ વિશિષ્ટ છે, તો તે કોની સરખામણીમાં? મહાવીરને હું બુદ્ધ અથવા તો ક્રાઈસ્ટ સાથે સરખાવતો નથી. પણ મહાવીર વિશિષ્ટ છે એ અર્થમાં કે એમનામાં અમુક ઘટના ઘટી છે. એ જ ઘટનાને લીધે જિસસ પણ વિશિષ્ટ છે, મહંમદ પણ વિશિષ્ટ છે અને કૉન્ફ્યૂશિયસ પણ. બધા જ આકારમાંથી નિરાકારમાં વિલીન થઈ ગયા છે. એ જ તેમની વિશિષ્ટતા છે.

આપણે અવિશિષ્ટ છીએ, સાધારણ છીએ. સાધારણ એ અર્થમાં

કે હજી આપણામાં એ ઘટના ઘટી નથી. દુનિયામાં બે જાતના લોકો છે: સાધારણ અને અસાધારણ. સાધારણનો અર્થ એ કે જે હજી દીવો છે. પણ જ્યોતિ બની શકે ખરો. સાધારણને પણ અસાધારણ બનવાનો અવસર છે, મોકો છે. એ બીજ રૂપે છે. અસાધારણ તેને જ કહીશું કે જે જ્યોતિસ્વરૂપ થઈ ગયો છે અને ત્યાં પહોંચી ગયો છે કે જ્યાં પહોંચ્યા પછી શાંતિ છે, આનંદ છે અને બધી શોધનો જ્યાં અંત આવી જાય છે. એટલે આપણે બધાં સાધારણ છીએ; છતાં અસાધારણ થઈ શકીએ છીએ. અને જ્યાં સુધી આપણે સાધારણ હોઈએ છીએ, ત્યાં સુધી એ બે વચ્ચે ભેદ ઊભા કરીએ છીએ, એ પણ આપણી અણસમજને કારણે જ.

સાધારણ બસ સાધારણ જ છે. તે પટાવાળો હોય કે રાષ્ટ્રપતિ, તેનાથી કાંઈ ફરક પડતો નથી. પટાવાળો પહેલે પગથિયે ઊભો છે, રાષ્ટ્રપતિ છેલ્લે પગથિયે પહોંચ્યો છે. પણ એ બન્ને સાધારણનાં જ રૂપ છે. પટાવાળો પણ ચઢતો જાય તો રાષ્ટ્રપતિ બની શકે અને રાષ્ટ્રપતિ પણ ઊતરતો જાય તો પટાવાળો બની જાય. આ બધોયે ખેલ એક જ સીડી ઉપર ચાલે છે. સાધારણની સીડી ઉપર બધા સાધારણ જ છે. પછી ભલે તે ગમે તે પગથિયે ઊભો હોય. એનાથી કાંઈ ફરક પડતો નથી. એક સીડી સાધારણની છે અને આ સાધારણની સીડી ઉપરથી જે છલાંગ મારે છે, તે જ અસાધારણમાં પહોંચી જાય છે.

(૬) અસાધારણ લોકોમાં કોઈ ઊંચુંનીચું નથી હોતું.

અસાધારણની એકેય સીડી નથી. અને તેથી જ બે અસાધારણ વ્યક્તિઓમાં કોઈ નીચે ઉપર હોતું નથી. તો પણ કેટલાયે લોકો પૂછે છે કે બુદ્ધ ઊંચા કે મહાવીર? કૃષ્ણ ઊંચા કે ક્રાઈસ્ટ? તો તેઓ પોતાની સાધારણની સીડીના હિસાબે અસાધારણ લોકોની તુલના કરવા બેસી જાય છે. અને એવા ગાંડા લોકો પણ છે કે જેઓ પુસ્તકો પણ લખે છે અને તેમાં કોણ ઊંચું અને કોણ નીચું તેની ચર્ચા

રે છે. એમને ખ્યાલ નથી કે ઊંચનીચનો જે ખ્યાલ છે તે સાધારણ લોકોની દુનિયાનો ખ્યાલ છે. અસાધારણ લોકો ઊંચા કે નીચા નથી હોતા. તેઓ તો ઊંચા-નીચાની દુનિયાની બહાર નીકળી ગયા હોય છે. અને ત્યારે જ તેઓ અસાધારણ કહેવાય છે. તો પછી કેવી રીતે તુલના કરી શકીએ કે કબીર ક્યાં પહોંચ્યા છે કે નાનક ક્યાં? અરે, કેટલાક લોકોએ એવાં પુસ્તકો પણ લખ્યાં છે, એવા નકશા પણ બનાવ્યા છે, કે કોણ કોની ઉપર છે. આ બધા સાધારણ લોકોના ખ્યાલ છે.

અસલમાં જ્યાં સુધી ઊંચ-નીચનો ખ્યાલ હોય ત્યાં સુધી 'દીવો' છે. મોટો અને નાનો જ્યાં સુધી હોય ત્યાં સુધી 'દીવો' છે. જ્યોતિ મોટી અથવા નાની હોતી નથી. જ્યોતિ કાં તો જ્યોતિ હોય છે અથવા બિલકુલ નથી હોતી. 'જ્યોતિ મોટી અને નાની'નો શો અર્થ છે? નિરાકારમાં ભળી જવાની યોગ્યતા જેટલી નાની જ્યોતિમાં છે તેટલી જ મોટામાં મોટી જ્યોતિમાં છે. નિરાકારમાં ભળી જવું એનું નામ જ અસાધારણ થવું. પછી નાની જ્યોતિ કોણ અને મોટી જ્યોતિ કોણ? નાની જ્યોતિ ધીરે ધીરે ભળી જાય છે. મોટી જ્યોતિ એકદમ એક થઈ જાય છે, એ માન્યતા પણ ભૂલભરેલી છે. તેને પણ જરા સમજી લઈએ.

હજારો વર્ષ સુધી એવી જ સમજ ચાલતી હતી કે જો આપણે એક મકાનના છાપરા ઉપર ચડીને એક નાનો અને એક મોટો એમ બે પથ્થર એકી સાથે નીચે પડવા દઈએ તો મોટો પથ્થર જમીન પર પહેલાં પડશે અને નાનો પછી. હજારો વર્ષ સુધી લોકો આમ જ માનતા હતા. કોઈએ પથ્થર ગબડાવી જોયા નહોતા; કેમ કે એમાં કોઈ જાતની શંકા એ લોકોને હતી નહિ. વાત તર્કસંગત લાગતી હતી, એટલે કદાચ કોઈ કહે કે આપણે પ્રયોગ કરી જોઈએ તો લોકો એને પાગલ કહેતા. આ કોઈ પ્રયોગ કરવા જેવી વાત છે — એવું લોકોને લાગતું જ નહિ. મોટો પથ્થર પહેલો પડે, કારણ કે એ વધુ વજનદાર છે અને નાનો પાછળથી પડે, કારણ કે એ ઓછો વજનદાર છે. પરંતુ

લોકોને જ્ઞાન નહોતું કે પડવાની ક્રિયામાં નાના-મોટાનો પ્રશ્ન નથી, સવાલ gravitationનો, પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો છે. અને ગુરુત્વાકર્ષણ બન્ને પથ્થર પર એકસરખી રીતે કામ કરે છે. એ નાના-મોટાનો ભેદ રહેતું નથી. તો જ્યારે પહેલી જ વાર જે માણસે એક ટાવર પર રહીને નાનો અને મોટો બે પથ્થર સાથે ગબડાવી જોયા, તે માણસ અદ્ભુત હોવો જોઈએ. જ્યારે બન્ને પથ્થર એકી સાથે નીચે પડ્યા ત્યારે એ પોતે પણ ગભરાયો હશે. એને પણ વિશ્વાસ બેઠો નહિ હોય. વારંવાર પ્રયોગ કરી જોયો હશે, કેમ કે નહિ તો લોકો એને મૂર્ખ કહે. જ્યારે એને ખાતરી થઈ ત્યારે એણે દોડતા જઈ વિશ્વવિદ્યાલય — કે જ્યાં એ પોતે કામ કરતો હતો, ત્યાં ખબર કરી તો બધા પ્રોફેસરોએ કહ્યું કે આવું કદી ન બની શકે. નાનો અને મોટો પથ્થર એકી સાથે પડે જ કેમ શકે? નાનો પથ્થર નાનો છે, મોટો પથ્થર મોટો છે. મોટો પહેલા પડશે, નાનો પછી પડશે. એમણે આ પ્રયોગ નજરે જોવાની ના કહી પંડિતો સૌથી વધારે જડ હોય છે. અને આ લોકો તો વિશ્વ-વિદ્યાલયના પ્રોફેસરો હતા. છેવટે ઘણી રકઝક પછી પેલો માણસ પ્રોફેસરોને સાથે લઈ ગયો. તેણે પ્રયોગ કરી બતાવ્યો. તેમણે જોયું કે બન્ને પથ્થર સાથે જ પડ્યા. છતાં પણ એમને લાગ્યું કે આમાં કોઈ ચાલબાજી લાગે છે, નહિ તો આમ બને નહિ. જરૂર કોઈ શેતાનનો આમાં હાથ છે.

આ ઉદાહરણ હું એટલા માટે આપું છું કે પૃથ્વીના સિવાય એક બીજું ગુરુત્વાકર્ષણ પણ છે. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ નીચે ખેંચે છે. પરમાત્માનું ગુરુત્વાકર્ષણ ઉપર ખેંચે છે. આ જે નિરાકાર ફેલાયેલું છે તે ચીજોને ઉપર ખેંચે છે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો ખ્યાલ તો આપણને સૌને ધીરે ધીરે આવી ગયો છે. પરંતુ ઉપરના ગુરુત્વાકર્ષણથી હજુ આપણે પરિચિત નથી. કેમ કે આપણે બધા પૃથ્વી ઉપર રહીએ છીએ. ઉપરના ગુરુત્વાકર્ષણથી જવલ્લે જ કોઈ ખેંચાય છે. અને જેઓ જાય છે તેઓ પાછા ફરતા નથી. એટલે ત્યાંની કંઈ

બુદ્ધ અને મહાવીરમાં કોણ મોટું ને કોણ નાનું [illegible] લોકોની સમજણથી છે. આપણા [illegible] માપ વડે અસાધારણ [illegible] માપી શકાતા નથી. અસાધારણ ત્યાં કોઈ નાનું મોટું નથી. જ્યારે [illegible] બહાર નીકળી જાય તે નાના મોટાની ગણનામાંથી બહાર નીકળી જાય [illegible] એટલે જો કોઈ કૃષ્ણ, મહાવીર, બુદ્ધ અને ક્રાઈસ્ટની સરખામણી કરવા બેસે, તો એની જેમ મોટી બીજી કોઈ ભ્રાંતિ [illegible] કોઈ કબીર, નાનક, રમણ અને કૃષ્ણમૂર્તિ વચ્ચે નક્કી કરે કે [illegible] મોટું અને કોણ નાનું, તો એમાં કોઈ નાનું મોટું નથી.

(૭) મહાવીર જેવી અસાધારણ વ્યક્તિને સમ[illegible] માટેની શરતો.

અનુયાયીઓના મનમાં ઘણી પીડા થાય છે કે આપણે [illegible] પકડ્યા છે તે મોટા હોવા જ જોઈએ. એટલે જ મેં શરૂઆતમ[illegible] છે કે અનુયાયી કોઈ દિવસ સમજી શકતો નથી, અનુયાયી [illegible] તરફથી કંઈ ને કંઈ આરોપણ કરે છે સમજવાને માટે સરળ ચિત્ત જોઈએ. અનુયાયીની પાસે સરળ ચિત્ત નથી [illegible] વિરોધી પણ સમજવાને અસમર્થ છે, કેમ કે તે કોઈ પણ [illegible] નાનો ઠરાવવાના પ્રયત્નમાં હોય છે. એ અનુયાયી કરતાં ઊલટો ચાલુ કરે છે.

પ્રેમ જ માત્ર સમજી શકે છે. એટલા માટે જેને સમજવો છે તેની સાથે પ્રેમ કરવાનો છે. અને પ્રેમમાં કદી શરત હોતી નથી, એ બિનશરતી હોય છે. કૃષ્ણ સાથે એ કારણથી પ્રેમ કરીએ કે તમે મને સ્વર્ગમાં મોકલજો તો એ પ્રેમ શરતી કહેવાય. એમાં શરત condition શરૂ થઈ ગઈ. અથવા મહાવીર પર એટલા માટે પ્રેમ રાખીએ કે તમે જ એક સહારો છો અને તમે જ મને ભવસાગરની પાર લઈ જશો, તો પણ શરત શરૂ થઈ ગઈ. અને જ્યાં શરત આવી ત્યાં પ્રેમ ખલાસ થઈ ગયો. પ્રેમ બિનશરતી હોય છે. એમાં કોઈ શરત નથી હોતી. પ્રેમ નથી કહેતો કે મને કાંઈ આપો. માગણી સાથે પ્રેમને કોઈ સંબંધ જ નથી. જ્યાં સુધી માગણી છે, ત્યાં સુધી સોદો કહેવાય, અને જ્યાં સોદો છે, ત્યાં પ્રેમ નથી.

બધા અનુયાયીઓ સોદા કરે છે, પ્રેમ કરી શકતા નથી. જ્યારે વિરોધી કોઈ બીજા સાથે સોદો કરે છે, એટલે જ એ વિરોધી થઈ ગયો છે. અને એ વિરોધી પણ એટલા માટે થયો છે કે એને સોદો કરવામાં વિશ્વાસ નથી પડતો કે આ કૃષ્ણ શું ખરેખર ભવસાગર પાર કરાવી શકશે? એટલે કૃષ્ણને એણે છોડ્યા. એનો વિરોધ કર્યો. પ્રેમનો તો અર્થ છે — જેમાં બિલકુલ શરત ન હોય. પ્રેમનો અર્થ છે — પરિપૂર્ણ સહાનુભૂતિથી ભરેલી આંખ હોય કે જે સામાને સમજવા ઇચ્છતી હોય. માગણી એક પણ ન હોય.

મહાવીરને સમજવા માટે પહેલી વાત તો હું એ કહેવા માગું છું કે, કોઈ માગણી નહિ, કોઈ જાતનો સોદો નહિ, કોઈ અનુકરણ નહિ અને જરા પણ અનુયાયીનો ભાવ નહિ. એક સહાનુભૂતિપૂર્ણ દૃષ્ટિ હોય અને એક વ્યક્તિ છે, જેનામાં કંઈક વિશેષ છે તો આપણે જોઈએ કે એ શું છે, ઓળખીએ કે એ શું છે. શોધ કરીએ એ જે છે તેની. કોઈ પણ જૈન એટલા માટે જ મહાવીરને કદી સમજી શકતો નથી. તેથી જ દરેક જ્યોતિની આસપાસ અનુયાયીઓનો જે સમૂહ એકઠો

મહાવીર જાણતા પણ નહિ હોય કે હું જૈન છું. અને જો [illegible] તો તેનો પણ શાસ્ત્રના પ્રમાણ [illegible] પછી [illegible] દુનિયા કે જેની આપણે વાત કરીએ છીએ, તેથી વ્યક્તિ [illegible] મહાવીરને સપનામાં પણ ખ્યાલ નહિ હોય કે હું જૈન છું, ન તો ક્રાઈસ્ટ જાણતા હોય કે હું ખ્રિસ્તી છું. એને જન્મનું જાણી [illegible] છે તેઓ સમજી નહિ શકે, કેમ કે જ્યારે આપણે સમજવાની પહેલાં જ કંઈક બની જઈએ છીએ તો આપણે જે બની જઈએ છીએ તે આપણી સમજને અટકાવે છે. આપણે પહેલાં બની જઈએ છીએ અને પછી સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. એટલે જેઓ જૈન નથી, બૌદ્ધ નથી, હિંદુ નથી, મુસલમાન નથી તે જ સમજી શકે છે. તે સહાનુભૂતિથી જોઈ શકે છે. એની જ નજર પ્રેમભરેલી હોઈ શકે છે, કેમ કે એને કોઈ આગ્રહ નથી. એને પોતાના હોવાનો કશો આગ્રહ નથી. વળી હસવા જેવી વાત તો એ છે કે આપણે જન્મથી જ જૈન થઈએ છીએ, જન્મથી જ બૌદ્ધ થઈ જઈએ છીએ.

એનો અર્થ એ કે જન્મથી જ આપણી ધાર્મિક થવાની શક્યતા સમાપ્ત થઈ જાય છે. જો અત્યારે પણ માણસને ધાર્મિક બનાવવો હોય તો જન્મની સાથેનો ધર્મનો સંબંધ બિલકુલ તોડી નાખવો જોઈએ. કોઈ પણ વ્યક્તિ જન્મથી ધાર્મિક કેવી રીતે હોઈ શકે? જો જન્મથી જ કોઈ ધર્મને માણસ પકડી લે તો પછી એ સમજશે ક્યાંથી? સમજવાની તક ક્યાં રહી? એણે તો એક પૂર્વગ્રહ બાંધી લીધો. હવે તો એ મહાવીરને સમજી શકે જ નહિ. કેમ કે મહાવીરને સમજે તે પહેલાં તો મહાવીરને તીર્થંકર બનાવી દીધા, પરમ ગુરુ

બનાવી દીધા, સર્વજ્ઞ માની લીધા, પરમાત્મા થઈ ગયા. પછી તો પરમાત્માની પૂજા થઈ શકે, એને સમજી શકાય નહિ. તીર્થંકરનાં ગુણગાન થઈ શકે, એને સમજી ન શકાય. સમજવા માટે તો કોઈ પણ જાતના પક્ષપાત વિનાનું સરળ ચિત્ત જોઈએ.

(૮) મહાવીરને સમજવા માટે શાસ્ત્રનો માર્ગ વ્યર્થ છે.

મારે કોઈ પક્ષપાત નથી. એટલે હું કહી શકું કે હું મહાવીરને સમજી શક્યો છું. કેમ કે મારે કશો આગ્રહ નથી. પરંતુ બનવાજોગ છે કે મારી જે સમજ હોય તે શાસ્ત્રમાં ન મળે અને નહિ જ મળે. એનું કારણ સ્પષ્ટ છે. શાસ્ત્ર એ લોકોએ લખ્યાં છે કે જેઓ બંધાયેલા છે, અનુયાયીઓ છે. શાસ્ત્રો એમણે લખ્યાં છે કે જેઓ જૈની છે. શાસ્ત્ર તેમને માટે જ લખાયાં છે કે જેઓ મહાવીરને તીર્થંકર માને છે, સર્વજ્ઞ માને છે. શાસ્ત્ર તેમને માટે લખાયાં છે કે જેમણે મહાવીરને સમજ્યાં પહેલાં જ કંઈક માની લીધું છે. મારી સમજણનો શાસ્ત્ર સાથે મેળ નહિ ખાય. અને હું તમને એ કહેવા માગું છું કે સમજણનો શાસ્ત્ર સાથે કદી પણ મેળ નહિ ખાય. સમજ અને શાસ્ત્રમાં પાયાનો જ તફાવત છે. શાસ્ત્ર અણસમજુ લોકો જ રચે છે. અણસમજુ એ અર્થમાં કે તેઓ પૂર્વગ્રહમાં સપડાયેલા હોય છે, અણસમજુ એ અર્થમાં કે તેઓ કંઈક સિદ્ધ કરવા આતુર હોય છે. અણસમજુ એ અર્થમાં કે તેઓ સમજવા કરતાં સિદ્ધ કરવા વધુ ઉત્સુક હોય છે.

એક વ્યક્તિ છે. તે આત્માના પુનર્જન્મ વિશે શોધ કરે છે. કોઈકે એની સાથે મારી મુલાકાત કરાવી. તો એમણે મને પૂછ્યું. દેશ-વિદેશમાં કોણ જાણે કેટલીયે યુનિવર્સિટીઓમાં એમણે ચર્ચા કરી હતી. અહીંની એક યુનિવર્સિટી સાથે તેઓ સંકળાયેલા હતા. અને તેમાં આ વિષયનો એક વિભાગ પણ ઊભો કર્યો હતો કે જ્યાં પુનર્જન્મ સંબંધી સંશોધન થઈ શકે. વીસ-પચીસ મિત્રો ભેગા થઈને મારી પાસે

આવ્યા હતા. આવતાંની સાથે જ વાત શરૂ થઈ અને મેં તેમને પૂછ્યું કે તમે શું કરો છો? તો એમણે કહ્યું કે હું આત્માના પુનર્જન્મ થાય છે તે વૈજ્ઞાનિક રીતે સિદ્ધ કરવા માગું છું. મેં કહ્યું હું એક નિવેદન કરું છું કે જો તમે વૈજ્ઞાનિક રીતે સિદ્ધ કરવાનું કહો છો તો એમ કહેવામાં જ તમે અવૈજ્ઞાનિક થઈ ગયા. વૈજ્ઞાનિક થવામાં પહેલી શરત એ જ કે આપણે કંઈક સિદ્ધ કરવા નથી માગતા, જે છે તેને જાણવા માગીએ છીએ. વૈજ્ઞાનિક થવું હોય તો તમે એમ કહેવું જોઈએ કે આત્માનો પુનર્જન્મ થાય છે કે નથી થતો એમ જાણવા માગીએ છીએ. તમે તો કહો છો કે આત્માનો પુનર્જન્મ થાય છે તે વૈજ્ઞાનિક રીતે તમ સિદ્ધ કરવા માગો છો. એટલે તમે પહેલેથી માની લીધું જ છે કે આત્માનો પુનર્જન્મ થાય છે. માત્ર સિદ્ધ કરવાનું બાકી છે, જેથી તમે વૈજ્ઞાનિક રીતે સિદ્ધ કરી શકો એની સાથે જ તમે અવૈજ્ઞાનિક થઈ ગયા. એટલે જ હું કહું કે આની પાછળ વિજ્ઞાનનું નામ ન લગાડો, એ વ્યર્થ છે. વૈજ્ઞાનિક બુદ્ધિ કાંઈ પણ સિદ્ધ કરવા નથી માગતી. જે છે તેને જાણવા માગે. શાસ્ત્રીય બુદ્ધિ કાંઈક સિદ્ધ કરવા કોશિશ કરે છે, જે છે તે જાણવા નથી માગતી, માટે જ તે અવૈજ્ઞાનિક છે.

જે છે તે આપણી સમજ અને વિચારથી તદ્દન જુદું હોય, ઊલટું પણ હોય એવું બનવા સંભવ છે. એટલે જ શાસ્ત્રીય બુદ્ધિ ધરાવતો માણસ પરંપરા અને સંપ્રદાયથી બંધાયેલો હોય છે. તેને ડર હોય છે કે સત્ય ન જાણે કેવું યે હોય? અને સત્ય આપણને અનુકૂળ જ હોય એ જરૂર નથી, એ અનુકૂળ જ હોત તો આપણે ક્યારનાયે સત્ય સાથે એક થઈ ગયા હોત. સંભવ તો એ છે કે સત્ય આપણને પ્રતિકૂળ હશે. આપણે અસત્ય છીએ, એટલે એ પ્રતિકૂળ હશે. પરંતુ આપણે સત્યને પોતાને અનુકૂળ બનાવવા માગીએ છીએ. એટલે સત્ય પણ અસત્ય બની જાય છે. બધી શાસ્ત્રીય બુદ્ધિઓ

અસત્ય તરફ લઈ જાય છે. એટલે મારી વાતોનો કાંઈ જરૂર કેટલીયે ભૂમિકાએ મેળ નહિ ખાય. ક્યાંક ક્યાંક મેળ ખાઈ જાય તો તે આશ્ચર્યની વાત થશે. મેળ ખાઈ જાય તો સંયોગની વાત, પણ સ્વાભાવિક રીતે મેળ નહિ ખાય, કારણ કે શાસ્ત્રોને વળગીને હું ચાલતો નથી.

મહાવીરને સમજવાની એક રીત તો એ છે કે મહાવીર સંબંધી જે કાંઈ પરંપરા, શાસ્ત્ર, શબ્દોનો સંગ્રહ વગેરે છે, તે બધાંમાં ઊંડા ઊતરીએ અને એ આખીયે પરંપરાના પહાડને તોડીફોડીને અંદરથી મહાવીરને શોધીને પકડીએ કે મહાવીર ક્યાં છે. મહાવીરને થઈ ગયે અઢી હજાર વર્ષ થયાં. એ અઢી હજાર વર્ષ દરમ્યાન મહાવીર સંબંધી જે કાંઈ લખાયું હોય તે બધામાંથી આપણે પસાર થઈએ અને મહાવીર સુધી પહોંચી જઈએ. આ શાસ્ત્ર મારફત જવાનો રસ્તો છે. સામાન્યપણે એ જ રીતે જવાય છે. પરંતુ હું એમ સમજું છું કે આ રસ્તે કદી જઈ શકાતું જ નથી અને કોઈ દિવસ પણ જઈ શકાશે નહિ. તમે જ્યાં પહોંચશો તેનો મહાવીર સાથે કોઈ સંબંધ જ નહિ હોય. એનાં કારણો છે. થોડાંક આપણે સમજી લઈએ.

(૯) સત્યની અનુભૂતિની અભિવ્યક્તિમાં રહેલી મુશ્કેલીઓ.

મહાવીરે જેનો અનુભવ કર્યો છે અથવા કોઈએ પણ જે અનુભવ કર્યો, તેને શબ્દોમાં ઉતારવો કઠણ છે. એ પહેલી વાત છે. જેને જેને કાંઈક ઊંડો અનુભવ થયો છે, તેમને શબ્દો કેટલા અસમર્થ છે તેનો ખ્યાલ એકદમ આવી જ જાય છે અને તેઓ તેને શબ્દોમાં વર્ણવવામાં મુશ્કેલી અનુભવે છે. પરમાત્માનો, સત્યનો, મોક્ષનો અનુભવ તો ખૂબ ઊંડો છે. સાધારણ પ્રેમનો અનુભવ પણ જો કોઈ વ્યક્તિને થયો હોય તોપણ એને લાગે છે કે શું કહું ? કેવી રીતે કહું ? નહિ, શબ્દમાં એ નથી કહી શકાતો. પ્રેમ સંબંધી વાતો કરનારાને પ્રેમનો અનુભવ નથી થયો એમ કહી શકાય. જેઓ પ્રેમ સંબંધી વાતો ખૂબ આશ્વાસન-

...ણ તરફ લઈ જાય છે. એટલે મારી વાતોનો કોણ જાણે કેટલીયે પ્રકારે મેળ નહિ ખાય. ક્યાંક ક્યાંક મેળ ખાઈ જાય તો તે ...ર્ગની વાત થશે. મેળ ખાઈ જાય તો સંયોગની વાત, પણ સ્વાભાવિક મેળ નહિ ખાય, કારણ કે શાસ્ત્રોને વળગીને હું ચાલતો નથી.

મહાવીરને સમજવાની એક રીત તો એ છે કે મહાવીર સંબંધી કાંઈ પરંપરા, શાસ્ત્ર, શબ્દોનો સંગ્રહ વગેરે છે, તે બધાંમાં ઊંડા ...રીએ અને એ આખીયે પરંપરાના પહાડને તોડીફોડીને અંદરથી ...વીરને શોધીને પકડીએ કે મહાવીર ક્યાં છે. મહાવીરને થઈ ગયે ...ે હજાર વર્ષ થયાં. એ અઢી હજાર વર્ષ દરમ્યાન મહાવીર સંબંધી કાંઈ લખાયું હોય તે બધામાંથી આપણે પસાર થઈએ અને મહાવીર ...ી પહોંચી જઈએ. આ શાસ્ત્ર મારફત જવાનો રસ્તો છે. સામાન્ય... એ જ રીતે જવાય છે. પરંતુ હું એમ સમજું છું કે આ રસ્તે ... જઈ શકાતું જ નથી અને કોઈ દિવસ પણ જઈ શકાશે નહિ. ... જ્યાં પહોંચશો તેનો મહાવીર સાથે કોઈ સંબંધ જ નહિ હોય. ...નાં કારણો છે. થોડાંક આપણે સમજી લઈએ.

...) સત્યની અનુભૂતિની અભિવ્યક્તિમાં રહેલી મુશ્કેલીઓ.

મહાવીરે જેનો અનુભવ કર્યો છે અથવા કોઈએ પણ જે અનુભવ ...ે, તેને શબ્દોમાં ઉતારવો કઠણ છે. એ પહેલી વાત છે. જેને જેને ...ક ઊંડો અનુભવ થયો છે, તેમને શબ્દો કેટલા અસમર્થ છે તેનો ...ાલ એકદમ આવી જ જાય છે અને તેઓ તેને શબ્દોમાં વર્ણવવામાં ...ેલી અનુભવે છે. પરમાત્માનો, સત્યનો, મોક્ષનો અનુભવ તો ખૂબ ...ો છે. સાધારણ પ્રેમનો અનુભવ પણ જો કોઈ વ્યક્તિને થયો હોય પણ એને લાગે છે કે શું કહું? કેવી રીતે કહું? નહિ, શબ્દમાં ...નથી કહી શકાતો. પ્રેમ સંબંધી વાતો કરનારાને પ્રેમનો અનુભવ ...ી થયો એમ કહી શકાય. જેઓ પ્રેમ સંબંધી વાતો ખૂબ આસાસાન-

દેખાય છે તેમાં અને જે જે સંભળાય છે તેમાં ઘણો ફેર છે. એક વસ્તુ જોવામાં આવે છે કે ઝાંઝર પગમાં બાંધ્યાં છે. પરંતુ જેણે કદીયે ઝાંઝર કેવાં રણકે છે તે સાંભળ્યું નથી એને શું દેખાય? એક વસ્તુ દેખાય છે કે જેનો ઝાંઝર સાથે કોઈ સંબંધ નથી. એ ચિત્ર બિલકુલ મૃત છે, કેમ કે એ ચિત્રમાંના ધ્વનિનો એ માણસને કશો અનુભવ નથી. જેણે કદી ધ્વનિ સાંભળ્યો નથી, પરંતુ આ પણ કદાચ શક્ય હોઈ શકે, કેમ કે કાન અને આંખ એક જ શરીરની બે ઇન્દ્રિયો છે.

જ્યારે કોઈ વ્યક્તિ અતીન્દ્રિય સત્યને ઓળખે છે, ત્યારે બધી ઇન્દ્રિય સાવ નકામી થઈ જાય છે અને જવાબ દેવામાં અસમર્થ થઈ જાય છે. બોલવું પડે છે ઇન્દ્રિય વડે અને જે જાણ્યું છે તે એ છે અને જ્યાં જણાયું છે ત્યાં ઇન્દ્રિય માધ્યમ નથી. એક ઇન્દ્રિય જાણવામાં માધ્યમ બને છે, તો બીજી ઇન્દ્રિય અભિવ્યક્તિમાં માધ્યમ નથી બની શકતી, તો જ્યાં ઇન્દ્રિય માધ્યમ ન જ હોય તો એને ઇન્દ્રિય વડે કેમ કહી શકાય?

એટલે જે જાણે છે તે એકદમ મુશ્કેલીમાં મુકાઈ જાય છે. ઘણી વાર તો એ ચૂપ થઈ જાય છે અને ત્યારે 'મૌન' પણ એને ઘણી પીડા કરે છે. એને લાગે છે કે કહું, કહી દઉં. એ ચારે બાજુએ એવા લોકોને જુએ છે કે એમને પણ જાણ થઈ શકે. એ આંસુભરી આંખો જુએ છે, દુ:ખપૂર્ણ ચહેરા જુએ છે, ચિંતાપૂર્ણ હૃદય જુએ છે. એ ચારે તરફ રોગિષ્ઠ અને અશાંત માણસો જુએ છે. જ્યારે એ પોતાની ભીતર જુએ છે, જ્યાં પરમ આનંદ છવાઈ ગયો છે ત્યારે એને લાગે છે કે એની પાસે જે ઊભો છે તે પણ એને જોઈ શકે તો સારું. એને ન દેખાય તે માટેનું કોઈ કારણ નથી, કોઈ અંતરાય નથી, કોઈ રુકાવટ નથી, તો એને પણ કહી દઉં. છતાં પણ કહેવામાં શબ્દો એકદમ અસમર્થ થઈ જાય છે.

મહાવીરને સમજનાર મૌનમાં ગયા— નહિ સમજનાર ગણધર બન્યા.

મહાવીર જેવી વ્યક્તિ જ્યારે બોલે છે, ત્યારે પહેલું
મે કે તેઓ જે બોલે છે, અને જે તેઓ બોલ્યા હોય છે
ને જે જાણ્યું છે તેનો એક ટકો પણ નથી. તો પણ તેઓ
છે, સાહસ ભેગું કરે છે અને વિચાર કરે છે કે શું છે.
નહિ પહોંચે, પણ એકાદ કિરણ તો પહોંચશે, ખબર તો
તેઓ બોલે છે. એટલે જો કોઈ મહાવીરની વાણીને પકડીને
વીરને શોધવા નીકળે તો મહાવીર મળશે નહિ. ખુદ
મળીને પણ જો એમની વાણીને પકડે તો પણ ખૂણો (ang
ર જ બદલાઈ જાય છે. કોઈ મહાવીરની વાણીને પકડીને જ
વા જશે તો એ જ્યાં પહોંચશે ત્યાં મહાવીર નહિ હોય.
નાર વ્યક્તિ તદ્દન ખોટે માર્ગે જશે, કેમ કે મહાવીરને જે જ્ઞાન
ને શબ્દોને નથી થયું. એ જાણ્યું છે—નિઃશબ્દે અને
કર્યા છે—શબ્દો. હવે આપણે જો શબ્દોને પકડીને ચાલીશું
[illegible] પહોંચી શકીએ

…ા રહ્યા હશે. તેઓ તો શોધમાં નીકળી પડ્યા હશે અને જેઓ …કમાં ઓછું સમજનારા હશે, તેઓ મહાવીર શું બોલ્યા છે તે …લોકોને સમજાવવામાં પડી ગયા હશે. તેથી જે અનુયાયી છે તે …હાવીરને ઓછી વધારે સમજનારા વર્ગના નથી. જેઓ મહાવીરની …ીનો યથાર્થ મર્મ નથી સમજી શક્યા, પરંતુ એમના શબ્દોને પકડી …ા છે અને એનો સંગ્રહ કરવામાં પ્રવૃત્ત થઈ ગયા છે તે અનુયાયી છે.

જે વ્યક્તિ પરિગ્રહી હશે તે ચીજોનો સંગ્રહ કરશે. પછી ભલે તો …ધનનો સંગ્રહ કરે, શબ્દનો સંગ્રહ કરે અથવા તો ધર્મનો સંગ્રહ …; તેનાથી કશો ફરક પડતો નથી. માણસની અંદર એક પરિગ્રહની …ત છે કે એકઠું કરી લો. પરંતુ કેટલીક ચીજો એવી છે કે તેને …ી કરવામાં પણ કંઈક અર્થ છે. જેમ કે કોઈ ધનનો સંગ્રહ કરે …તેનો કંઈક અર્થ છે. કેમ કે ધન એ પરિગ્રહની વૃત્તિમાંથી જ પેદા …ું છે અને એ પરિગ્રહની વૃત્તિનું જ વાહન છે. પરિગ્રહની વૃત્તિની …એ વિનિમય મુદ્રા છે. અર્થાત્ પરિગ્રહી વ્યક્તિનો જ ધન એક …આવિષ્કાર છે. કોઈ વ્યક્તિ ધનનો સંગ્રહ કરે તો એ સાર્થક પણ છે. …ા કે ધન એ પરિગ્રહનું જ માધ્યમ છે અને પરિગ્રહને માટે જ છે. …અનુભવ મહાવીરને થયો તે અપરિગ્રહમાં થયો છે અને એમના …બ્દોને જે ભેગા કરે છે તે પરિગ્રહની વૃત્તિની જ વ્યક્તિ છે.

…૨) સત્ય શબ્દોમાં ઊતરતાં જ અસત્ય થઈ જાય છે.

મહાવીર, બુદ્ધ કે ક્રાઇસ્ટ કોઈને પણ શબ્દસંગ્રહ કરવાની …સુકતા નથી. મહાવીર પણ પુસ્તક લખી શક્યા હોત. પણ એમણે …લખ્યાં. કૃષ્ણે પણ પુસ્તકો ન લખ્યાં, બુદ્ધ પણ ન લખ્યાં. આ …સાધારણ લોકોમાંથી ફક્ત એક લાઓત્સેએ જ પુસ્તક લખ્યું અને પણ જબરદસ્તીથી.

લાઓત્સેએ એંશી વર્ષની ઉંમર સુધી પુસ્તક ન લખ્યું. લોકો કહેતા કે કંઈક લખો. ત્યારે લાઓત્સે કહેતા કે જે લખીશ તે જૂઠું

હશે. જે લખવું છે તે લખાતું નથી, માટે જ એ ઉપદ્રવમાં હું પડવા નથી માગતો. એંશી વર્ષ સુધી એ લખવામાંથી બચ્યા. પણ આખા દેશના લોકોને ખૂંચવા લાગ્યું કે હવે એ વૃદ્ધ થતા જાય છે. એમને જે જ્ઞાન મળ્યું છે તે એમના ગયા પછી લુપ્ત થઈ જશે. પાછલી ઉંમરે તેઓ પહાડોમાં ચાલ્યા ગયા. બધું છોડી દીધું. કોઈને પણ ખબર ન પડી કે તેઓ ક્યારે મરી ગયા. એમણે કહ્યું કે મૃત્યુ મને લઈ લે તે પહેલાં મારે પોતે જ ચાલ્યા જવું જોઈએ. મૃત્યુની પ્રતીક્ષા કોણ કરે? એટલા પરવશ પણ શા માટે રહેવું? જ્યારે તેઓ ચીનની હદ છોડતા હતા ત્યારે ચીનના રાજાએ એમને અટકાવ્યા અને કહ્યું કે કર ચૂકવ્યા સિવાય જઈ નહિ શકો. લાઓત્ઝેએ પૂછ્યું કે શાનો કર? નથી કાંઈ સામાન લઈ જતો. નથી કાંઈ લાવતો; એકલો ખાલી હાથે જાઉં છું અને સાચું પૂછો તો આખી જિંદગી ખાલી જ હતો. કાંઈ પણ સામાન કદી લાવ્યો નથી કે જેના ઉપર કર આપવો પડે! કર શેનો?

સમ્રાટે ઘણી મજાક કરી અને કહ્યું કે કર તો ઘણો બધો લઈ શકાય એમ છે. આટલી સંપત્તિ તો ક્યારેય કોઈ માણસ નથી લઈ ગયો. તમારી પાસે ઘણું છે. પરંતુ કંઈ પણ આપી નથી જતા. તમારી અંદર શું છે તે તમે બોલતા જ નથી. એ બધું ચૂકવી દો. કમમાં કમ કર આપી દો. સંપત્તિ ન આપશો. નહિ તો અમે શું કહીશું કે એ માણસની પાસે હતું, પણ તે સાથે લઈ ગયો અને બિલકુલ ચુપચાપ લઈ ગયો? એવું નહિ બની શકે. આ કરના નાકાની બહાર નહિ જવા દઈએ. બળજબરીથી એમને રોકયા. તેઓ પણ હસવા લાગ્યા.

એમણે કહ્યું કે તમારી વાત તો સાચી છે. સાથે તો લઈ જાઉં છું. પરંતુ આપવાનો કોઈ રસ્તો નથી, એટલે લઈ જાઉં છું. બીજું કશું કારણ નથી. આપવાની મને પણ ઇચ્છા છે. ત્યાર બાદ એમણે એક નાનું પુસ્તક લખ્યું.

આ જાતના અસાધારણ પુરુષોમાં લખનાર વ્યક્તિ તો એકલી જ

હતી. પણ એણે પુસ્તકમાં પહેલું જ વાક્ય લખ્યું છે કે મોટી ભૂલ થાય છે કે જે કહેવું છે તે કહેવાનું નથી અને જે નથી કહેવું એ કહેવાશે. સત્ય બોલાતું નથી. જે બોલાય છે તે સત્ય હોઈ જ ન શકે. મોટી ભૂલ થઈ રહી છે. હું એ જાણીને લખવા બેઠો છું. એટલા માટે જે કોઈ આ વાંચે તે એમ જાણીને વાંચે કે સત્ય બોલાતું નથી, કહી શકાતું નથી અને જે કહી શકાય છે તે સત્ય નથી હોતું. That which can be said is not the Tao. આ વાત સમજીને જ પછી પુસ્તક વાંચજો.

એટલે કોઈએ ચોપડી લખી નથી અને જેઓએ લખી તેઓએ પહેલું જ પ્રશ્નચિહ્ન મૂકી દીધું. એટલે સાચું તો એ છે કે જે સમજી જાય છે તે પછી પુસ્તકો વાંચતા જ નથી. લાઓત્સે બહુ હોશિયાર માણસ હોવા જોઈએ. રાજા સમજ્યા કે અમે કર લીધો, પણ એણે ભૂમિકા બાંધી. જે સમજશે તે આગળ ચોપડી વાંચશે જ નહિ. વાત પૂરી થઈ ગઈ. જે નહિ સમજે તે ચોપડી વાંચી નાખશે. એનાથી કંઈ અર્થ નહિ સરે.

(૨૨) અભિવ્યક્તિ માટે બોલવાનું માધ્યમ વધુ જીવંત.

તો અણસમજુ લોકો ચોપડીઓ વાંચે છે; સમજદાર લોકો અટકી જાય છે. બુદ્ધ અને મહાવીર જેવા લોકોએ ચોપડી લખી નથી. તેનાં ઘણાં કારણો છે. જે કહેવું છે તે કહેવાશે જ એની કોઈ પાકી ખાતરી નથી. તો પણ કહ્યું. પણ બોલવાનું માધ્યમ એમણે પસંદ કર્યું, લખવાનું પસંદ ન કર્યું. એનું પણ કારણ છે. બોલવાનું માધ્યમ પ્રત્યક્ષ — સામે જ હોય છે. જો હું ન હોઉં અગર તમે ન હો તો એ વસ્તુ લુપ્ત થાય. જ્યારે લખવાનું માધ્યમ સ્થાયી છે, સામ-સામે નથી, પરોક્ષ છે. હું પણ ન હોઉં, તમે પણ ન હો તો પણ લખેલું આપણાથી સ્વતંત્ર થઈને પણ રહેશે, બોલવામાં ભૂલ થતી હોય તો પણ સાંભળનાર માણસ સામે જ હોય છે. હું તમને કંઈક કહેતો

આ લોકોને તો એટલી જ ફિકર હતી કે જે જ્ઞાન ?
કરી દો, એટલે વાત પૂરી થાય. એનાથી વધારે એમને કાંઈ ч
ચિંતા નહોતી. તેમ છતાંયે કાંઈક બન્યું. કેમ કે બનાવનારા (
અને તેઓને લાગ્યું કે આ બનવું જ જોઈએ અને એમણે
પ્રયત્ન કર્યો. ત્યાર બાદ એમણે બનાવેલાં પુસ્તકો ઉપરથી બીજ
પ્રગટ થતાં ગયાં, ટીકાઓ થતી ગઈ અને એ કાર્ય પણ મ
સમયમાં નથી થયું. એનું કારણ કદાચ એ હશે કે મહાવીરે મ·
હોય. બુદ્ધે પણ મનાઈ કરી હોય કે મારી હયાતીમાં ન થાય, ત
નહિ. તેથી જ એ લોકોના ગયા પછી ત્રણસો—ત્રણસો, ચારસો-
પાંચસો—પાંચસો વર્ષો બાદ એ લખાયું. એનો અર્થ એ કે જે
છે તે સાંભળીને લખાયેલું નથી. કોઈકે સાંભળ્યું હોય, પછ
બીજાને કહ્યું, એ પ્રમાણે ચાર પેઢી પસાર થઈ ગઈ અને
કહેતાં કહેતાં છેલ્લે લખવામાં આવ્યું. પછી એના પર ટીકાઓ
થયાં, વાદવિવાદ ચાલ્યા. તે શાસ્ત્રો આજે આપણને ઉપલબ્ધ છે.

જો કોઈએ મહાવીરને સમજવા ન હોય તો એણે એ શાસ્ત્રો વ
એ સારામાં સારો ઉપાય છે. એ શાસ્ત્રોમાં જે ઊંડા ઊતરી જશે તે
દિવસ મહાવીર સુધી પહોંચશે નહિ. તેથી જ હું એ શાસ્ત્રો દ્વારા મહ
સુધી પહોંચવાની કોઈને સલાહ નથી આપતો અને હું પણ
રસ્તે ત્યાં પહોંચ્યો નથી. તેમ કોઈ એ રસ્તે પહોંચી શકે છે એમ

માનતો નથી. હું તદ્દન અશાસ્ત્રીય છું. અશાસ્ત્રીય એટલે કે શાસ્ત્રોનો બિલકુલ વિરોધી.

(૧૩) અસ્તિત્વની અદ્‌ભુત વ્યવસ્થા—સત્યની અનુભૂતિને જાળવવા માટેની

તો પછી મહાવીર સુધી પહોંચવાનો રસ્તો કયો? શાસ્ત્રીય રસ્તો ચોખ્ખો દેખાય છે. એટલે જ તો સાધુસંન્યાસીઓ શાસ્ત્રો ઉપાડીને બેસે છે, શોધ કરે છે—મહાવીરની. પણ બીજો રસ્તો કયાં છે, બીજો માર્ગ કયો છે? બધાં શાસ્ત્રો લુપ્ત થઈ જાય તો સાધુસંન્યાસીઓ અને પંડિતોના હિસાબે મહાવીર પણ ન રહે. પરંતુ શું સત્યનો અનુભવ કદી લુપ્ત થાય? શું એ સંભવિત છે કે મહાવીર જેવી વ્યક્તિને જે અનુભૂતિ થાય તે અસ્તિત્વના કોઈક ખૂણામાં સુરક્ષિત નહિ હોય? શું એ સંભવ છે કે કૃષ્ણ જેવો માણસ પેદા થાય અને એનું રક્ષણ માત્ર માણસોએ લખેલાં પુસ્તકોથી જ થાય? ધારો કે પુસ્તકોનો નાશ થાય તો શું કૃષ્ણ પણ ન રહે? જો એમ જ હોય તો કૃષ્ણની પણ કોઈ કિંમત નથી. તેમ જ મહાવીરની પણ નથી. માણસોએ નોંધેલું (record) કલાકારોએ સંગ્રહ કરેલું, ગણધરોએ સંગ્રહ કરેલું જ જો અગત્યનું અને સર્વસ્વ હોય તો ઠીક છે. પુસ્તકોનો નાશ થશે ત્યારે એ વિભૂતિઓ પણ નાશ પામશે. પરંતુ આનો નાશ થવો એટલો સહેલો નથી. કરોડો, અબજો વર્ષોમાં, કરોડો લાખો લોકોની વચ્ચે કયારેક કોઈ માણસને પરમ-સત્ય ઉપલબ્ધ થતું હોય અને તે પરમ સત્ય ઉપલબ્ધ થયાની ઘટના માત્ર કમજોર માણસોની કમજોર ભાષા મારફત સુરક્ષિત રહે અને અસ્તિત્વમાં એની સુરક્ષાની કોઈ સગવડ જ ન હોય એવું નથી હોતું. એવું હોઈ શકે પણ નહિ. એટલા માટે એક બીજી સગવડ પણ છે.

મારું કહેવું છે કે જગતમાં જે કાંઈ મહત્ત્વપૂર્ણ બનાવ બને [illegible]

આ તો એના જેવી વાત થઈ કે આંધળાના ... માણસ દેખતો જાય અને એને પ્રકાશ દેખાય, ત્યારે બીજા આંધળાઓ ઉપર આધાર હોય કે તેઓ દેખનારને જે અનુભવ થયો તે મુશ્કેલ છે વેદ રચે, આગમ બનાવે, ગીતા રચે, બાઈબલ રચે. અને તે કોઈને અનુભવ ઉપર પણ ટીકાઓ રચાય. હજાર, બે હજાર વર્ષો પછી આંખ-વાળા માણસને જે દેખાયું તેની આંધળાઓએ રચના કરી હોય, આંધળા વ્યાખ્યા કરી હોય અને પછી એ વ્યાખ્યા વાંચીને આપણે આંખવાળા માણસની વાતને સમજવા જઈએ તો આપણા જેવું મૂર્ખ બીજું કોઈ નથી.

ત્યારે હું એ કહેવા માગું છું કે અસ્તિત્વમાંથી કશું પણ લુ થતું નથી. સાચું તો એ છે કે અત્યારે પણ હું જે બોલું છું તે પ કદી નાશ પામશે નહિ. તમે જે બોલો છો તેનો પણ નાશ ક્યારેય ન થાય. જે કોઈ શબ્દ એક વાર ઉત્પન્ન થયો તેનો નાશ ક્યારેય નહિ થા આજે રેડિયો દ્વારા આપણે કોઈ લંડનમાં બોલે તે શ્રીનગરમાં સાંભળી છીએ. આજથી બસો વર્ષ પહેલાં નહોતા સાંભળી શકતા. આજથી બ વર્ષ પહેલાં કોઈ માની પણ શકતું નહોતું કે આવું પણ સંભવિ છે. પરંતુ શું તમે એમ માનો છો કે એ દિવસોમાં લંડનમાં બોલાતું તે શ્રીનગરમાં નહોતું સંભળાતું? કહેવાની મતલબ એ કે જમાનામાં પણ જે ધ્વનિના તરંગો લંડનમાં બોલવાથી ઉત્પન્ન થ હતા તે શ્રીનગરના આ દાલ સરોવર પાસેથી પસાર નહોતા થતા જો એમ ન હોત તો આજે રેડિયો એને શું પકડી શક્યો હોત? અત્યા પણ બધા તરંગો પસાર થઈ રહ્યા છે. અત્યારે પણ આખા જગતમ

ાની કંઈક નોંધ ઇંગ્લન્ડમાં પણ છે, ન્યૂયૉર્કમાં પણ છે. તેટલી જાય. પરંતુ તે જમાનામાં એવો પણ સંભવ નહોતો. તે સમયમાં ાપણને બીજા કોઈ ખંડની ખબર પણ નહોતી પડતી.

તો અતલાંતિસ આખો ને આખો ડૂબી ગયો — કેટલાંયે કરોડ પહેલાં. પરંતુ કેટલાક ધ્યાનમાં ઊંડા ઊતરનારા લોકો હંમેશાં કહેતા ક મોટો બેટ આખો ડૂબી ગયો છે. તેઓ તેની નોંધ કરતા રહ્યા. ોંધ રહી નથી પરંતુ ઇજિપ્તના કેટલાક ફકીરોએ તેમ જ તિબેટના ક સાધકોએ આ વાતની નોંધ કરી કે એક આખો મહાદ્વીપ ડૂબી છે. એની આંતરિક શોધ કરનાર કેટલાક લોકો એ બેટ કેવો હતો, કેવી વ્યવસ્થા હતી વગેરેની શોધખોળ હંમેશાં કર્યા જ કરતા એ જાણીને તમને આશ્ચર્ય થશે કે કેટલાક લોકોએ સતત મહેનત કેવળ આંતરિક અનુભવને આધારે જ એ મોટા બેટના એકે- નકશા તૈયાર કર્યા. ત્યાંની પ્રજાના ચહેરા, ત્યાંનો ધર્મ, ી પ્રજાની માન્યતાઓ, વિચાર, અનુભૂતિ વગેરે બધી જ બાબતો તેમણે પ્રકાશ પાડ્યો. આ કાર્ય એકાદ વ્યક્તિએ કર્યું હોય તો ાર પણ ન આવે કે એ વ્યક્તિ કલ્પના તો નહિ કરતી હોય? દ વ્યક્તિ કલ્પના કરી શકે. પરંતુ જુદા જુદા અનેક લોકો આના ો કરીને સહમત થતા ગયા કે આ નકશા આવા જ હશે.

વૈજ્ઞાનિકો તો શરૂઆતમાં નાકબૂલ થયા કે આવું કદી હોઈ જ કે. આની કોઈ જગ્યાએ નોંધ નથી. આવો કોઈ બેટ ક્યારેય હતો નહિ. એનો કોઈ જગ્યાએ જરા સરખો ઉલ્લેખ પણ નથી. તો પણ શોધકો પોતાનું કામ કરતા જ રહ્યા. છેવટે આ લોકોના દબાણને થઈને વૈજ્ઞાનિકોને પણ વિચાર કરવો પડ્યો કે કંઈક હોવું જોઈએ. ાનિક રીતે એની શોધખોળ ચાલુ થઈ અને તેમાં જણાયું કે એક ા બેટ ચોક્કસ ડૂબ્યો હતો. આજે એ સમુદ્રને તળિયે બેઠો છે એ બરાબર એ જ સ્થળે છે કે જ્યાં આ સાધકો બતાવતા હતા.

આ હું પણ જાણીને [illegible]

[illegible] નહિ. [illegible]

[illegible] છું [illegible]

દેખાય છે તે હું આપને [illegible]

તેઓ પણ મારી સાથે આ પ્રયોગમાં [illegible] નહિ [illegible]

વાત પ્રમાણિક છે કે નહિ તેનો નિર્ણય થઈ શકે નહિ. ત્યાં [illegible]

માટે બીજો કોઈ ઉપાય પણ નથી, [illegible] બીજા [illegible] પ્રયત્ન કર

તૈયાર ન થાય. હું [illegible] આપું કે તમને આ અનુભવ [illegible]

…જાય તો કંઈક વિશ્વાસ પડે. એ આશાથી જ આ આખી વાત
…હું કરીશ. કદાચ કોઈ પ્રયોગ કરવા તૈયાર થાય. વિવાદ કરવાથી કાંઈ
…બને એમ નથી. વિવાદ પણ તેઓની સાથે જ થઈ શકે કે જેઓ આ
…પ્રેરણાથી પ્રેરાઈને હિંમત કરે. તો આવિષ્કાર થઈ શકે. અને ત્યારે
… કંઈક તુલના પણ થઈ શકે કે હું કહું છું તે કેટલું અને ક્યાં સુધી
…ગ્યું છે—એમાં શો અર્થ છે.

૭) ગુર્જિયેફની શોધ — જિસસની શૂળીની ઘટનાના રહસ્યની.

પશ્ચિમમાં ગુર્જિયેફ(Gurdjieff) નામનો એક ફકીર હતો. આખી
…ખ્રિસ્તી જાતનો ઇતિહાસ કહે છે કે જિસસને જુડાસે મારી નંખાવ્યા.
જુડાસે જિસસને ત્રીસ રૂપિયામાં વેચ્યા અને જુડાસ જિસસનો દુશ્મન
…હતો. સીધી વાત છે, જે માણસ મારી નંખાવે તે દુશ્મન જ કહેવાય. એ
…શિષ્ય નહોતો! શિષ્ય તો હતો પણ દગાબાજ. દગો કરીને તેણે જિસસને
…વેચી દીધા. જિસસને આ કારણથી જ શૂળી થઈ. એણે રાતમાં આવીને
એમને પકડાવ્યા. ખ્રિસ્તી ઇતિહાસમાં એના નામ જેટલું હલકું નામ
…બીજું નથી. કોઈને ગાળ દેવી હોય તો જુડાસનું નામ વપરાતું. એનાથી ખરાબ
મોટી કોઈ ગાળ નહોતી. જિસસને ફાંસી અપાવી એનાથી ખરાબ
…બીજું શું હોય? પરંતુ એ વાત જૂઠી છે એમ કહેનાર સૌથી પહેલો
માણસ ગુર્જિયેફ હતો. જુડાસ જિસસનો દુશ્મન નથી. એ જિસસનો
…દોસ્ત છે અને પકડાવવામાં જિસસનું પોતાનું ષડ્યંત્ર હતું, જુડાસનું
નહિ. જિસસ એવું ઇચ્છતા હતા કે પોતે પકડાય અને શૂળી પર
…લટક જુડાસ એનો સેવક છે. એટલો મોટો સેવક કે જ્યારે જિસસ કહે
… કે તમે મને કેમ નથી પકડાવતા! ત્યારે એના સિવાયના બીજા
…શિષ્યોની આ કામ કરવાની હિંમત ચાલી નહિ; પણ જુડાસ તો સાચો
સેવક છે, એ કહે કે "જેવી આપની આજ્ઞા." જુડાસ એને પકડાવ…
છે. ગુર્જિયેફે કહ્યું કે હું ઊંડે ઊતરીને આ વાત શોધી શક્યો છું અ…
એ વાત તમને કહું છું કે જુડાસ એનો દુશ્મન નહોતો અને જુડા…

બાજન ગઈ ગઈ. આખો પ્રિસની જાત પણ વિરોધ કર્યો અને કહ્યું કે આ બકવાસ છે. આનાથી તો અમારી બધી બાજી ઊંધી વળી ગઈ. આ વાત જ બરાબર નથી. લોકોએ વિરોધ કર્યો. પરંતુ એની અંદરથી એકેય માણસે હિંમત ન કરી કે પ્રયોગ કરી જોઈએ. આ માણસ કઈ ભૂમિકાઓથી વાત કરે છે. પણ મેં પ્રયોગ કર્યા અને મને આશ્ચર્ય થયું કે આ માણસ સાચો છે. જુડાસ દુશ્મન નથી, જુડાસ દોસ્ત છે. પેલો ફકીર સાચું કહેતો હતો. એ જરા પણ ખોટું કહેતો નથી. પણ આ શોધ કરતાં એને ઘણી મુશ્કેલી પડી હશે.

તો મારું કહેવું એ છે કે શાસ્ત્ર એ શોધ કરવાનો રસ્તો નથી, પરંતુ શોધમાં ઊલટી એનાથી અડચણ ઊભી થાય છે. કેમ કે શાસ્ત્રોના માત્ર વાચનથી મન વિચારોથી ભરાઈ જાય છે. જે શક્ય હોય કે અશક્ય પણ હોય અને પછી એમાંથી છૂટવું મુશ્કેલ થઈ જાય છે અને એ વિચારોની વિરુદ્ધ થવું તો અજાણતાં જ મુશ્કેલ થઈ જાય છે- અને મહાવીર સંબંધી તો પાર વગરની આવી વાતો થઈ છે.

(૨) બાહ્ય જીવનની ઘટનાઓ બિનમહત્ત્વની, પણ આંતર જીવનમાં થયેલો ચેતનાનો વિકાસ મહત્ત્વનો.

બીજી વાત એ છે કે તમારા બાહ્ય જીવનની કોઈક ઘટના કદાચ કોઈ બતાવે તો તેનાથી એ નક્કી નહિ થાય કે મહાવીર વિશે એ જે કંઈ કહે તે સાચું જ હોય. કેમ કે તમે પ્રત્યક્ષ છો અને તમારા બહિર્જીવનની ઘટનાઓમાં ઊતરવું એ સાધારણ કળા છે, જે એક સામાન્ય ‘ટેલિપેથિસ્ટ’ પણ કરી શકે. એક સામાન્ય જ્યોતિષી પણ કરી શકે; ચાર આનાના બદલામાં તમને જણાવી શકે. તો બાહ્ય જીવનનું કાંઈ મૂલ્ય નથી. કદાચ કોઈ તમારા બાહ્ય જીવનના કોઈ બનાવો તમને કહે તો તેનાથી એ મહાવીરના અંતર-જીવન સંબંધી જે કંઈ કહે તે પણ અર્થપૂર્ણ હશે જ, એમ કહી શકાય નહિ. અસલમાં બાહ્ય જીવન સાથે અંતર-જીવનનો એવો કોઈ સંબંધ જ નથી અને એટલા માટે એ સમજવા જેવું છે કે ક્રાઇસ્ટ, મહાવીર અને બુદ્ધ ત્રણેનું

હું જે વાતો કરું તે કોઈ ને કોઈ રૂપે તમારા જીવનને
કરવામાં સહયોગી થતી હોય તો જ મને એમાં કોઈ અર્થ
જો તમારું જીવન બદલાતું ન હોય તો એ વાતો ગમે તેટલી
હોય તોપણ વ્યર્થ થઈ ગઈ. પણ જો એ તમારા જીવનને
કરવામાં સહયોગી બનતી હોય તો એ વાતોને આખી દુનિય
કરી દે કે એ ખોટી છે તોપણ મારે માટે એ ખોટી નહિ રહે

(૪) ઇતિહાસ અને પુરાણ વચ્ચેનો તફાવત — ઇતિ દૃષ્ટિ તથ્ય ઉપર, પુરાણની દૃષ્ટિ વાચકના રૂ ઉપર.

એની મતલબ એ છે અને એ સમજવું જરૂરનું છે કે
અંતર-જીવનના સંબંધમાં જાણે છે તેઓએ ઇતિહાસ લખવા
નથી આપ્યો. ઇતિહાસની જગ્યાએ તેઓએ પુરાણ ઉપર ભાર
છે. એક દુનિયા છે કે જેના લોકોનો ભાર ઇતિહાસ ઉપર છે
બીજી દુનિયા છે, બહુ ઓછા લોકોનું એક બીજું જગત છે
પુરાણ પર ભાર આપ્યો છે. એ બન્ને વચ્ચેનું અંતર શું છે
ઉપયોગી છે.

ઇતિહાસનો આગ્રહ હોય છે કે બહાર જે જે બનાવો
તથ્યો facts)ની જેમ સંગૃહીત કરવા. પુરાણ એ વાત
આપે છે કે બહારની ઘટનાઓ તથ્યની જેમ એકઠી થાય કે ન
નિષ્પ્રયોજન છે. તેઓ એ પ્રમાણે સંગૃહીત થાય કે કોઈ એમાં
થાય તો તેની અંદર કંઈક ફેરફાર થાય. આ બન્ને વાતોમ
અલગ દષ્ટિ છે. તથ્યો અને ઇતિહાસનો વિચાર કરનાર મહા
જોર દેશે, ફાર્મસ ઉપર જોર દેશે — કેવું એમનું જીવન! જ્યા
કથાની દૃષ્ટિવાળી વ્યક્તિ 'તમારી' ઉપર ભાર મૂકશે, કે
કેવું જીવન કે જે તમને બદલી નાખે. આમાં પાયાનો ફરક

(૫) રહસ્ય — જિસસનું કુંવારી માતાની કૂખે જન્મ લેવા માટેનું.

